## પાલનપુર સંગ્રહાલય

આ સંગ્રહાલય પાલનપુરના અતીત અને વર્તમાનને વ્યક્ત કરે છે. તસવીરો, કલાકૃતિઓ, પ્રદર્શનો અને સ્મૃતિઓનાં અર્થઘટન દ્વારા આ સંગ્રહાલય પાલનપુરની સત્ત્વશીલતાને ઉજાગર કરવાનું ધ્યેય રાખે છે. સાથે સાથે તે એવા સમુદાયોને વાચા આપે છે કે જેમણે આ સર્જ્યું, સંભાળ્યું અને સમય સાથે તેને પરિવર્તિત કર્યું.




## આર્ટ ગેલરી અને ફિલ્મરૂમ

સંગ્રહાલયની બાજુમાં–તેને સંલગ્ન એક જીવંત આર્ટ ગેલરી આવેલી છે, જેમાં સ્થાનિક કલાકારોની સર્જનાત્મક અભિવ્યક્તિને દર્શાવતા આકર્ષક નમૂનાઓને પ્રદર્શિત કરવા માટે તેમજ કાર્યશાળાઓ યોજવા માટે પૂરતો અવકાશ છે. સ્થાનિક ઈતિહાસને જાણવા માટે ફિલ્મરૂમમાં નિયમિતપણે વીડિયો દર્શાવવાની સગવડ ઉપલબ્ધ છે.

સુશીલાબેન ડી. પરીખ
**પાલનપુર સંગ્રહાલય**

તાલેબાગ, વિદ્યામંદિર, પાલનપુર
સંપર્ક: ૦૨૭૪૨ ૨૬૦૭૯૦ • ઈ મેઈલ: mahitivibhag@vidyamandir.org

**સમય:** સવારે ૯ થી સાંજે ૭ સુધી, બપોરે ૧૨ થી ૨ વિરામ
**સોમવારે સંગ્રહાલય બંધ રહેશે**




**વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર**ની પહેલ



## પાલનપુરી મિજાજ

ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ એક વખત ભારતને જૂની હસ્તપ્રતના એક પાના સાથે સરખાવ્યું હતું કે જયાં ભૂતકાળ અને વર્તમાનને એક જ પાના પર વાંચી શકાય છે. બની શકે કે તેઓ ઘણાખરા અર્થમાં પાલનપુરની જ વાત કરતા હોય. આપણું આ અદ્‌ભુત શહેર એક જ સમયે ઘણા યુગોને જીવે છે.

આ ખંડમાં અમે પાલનપુરના અર્કરૂપી છબીઓ, નમૂનાઓ અને વિચારો પ્રદર્શિત કર્યા છે કે જે શહેર વિશેના ખ્યાલો વધુ સ્પષ્ટ કરે છે. પાલનપુરની સત્ત્વશીલતા જોવા, તેમાં જોડાઇ ઓતપ્રોત થવા તેમજ આપણા ભવ્ય ભૂતકાળ અને સતત ગતિશીલ વર્તમાન વચ્ચે રહેલી અનોખી સંવાદિતાને અનુભવવા આપને આવકારીએ છીએ.







## પાલનપુરનો ઈતિહાસ

જગતના મહાન સમ્રાટો અને વિરાટ સામ્રાજયોના ઈતિહાસમાં નાના વિસ્તારના લઘુરાજયોના ઈતિહાસ યા તો અવગણવામાં આવે છે યા તો ખોવાઈ જતા હોય છે. પાલનપુરના ભૂતકાળ વિષે આપણું જ્ઞાન સીમિત રહ્યું છે. એ પુરાણા સમયને પ્રકાશિત કરવા માટે અહીંના સ્થાનિક ઈતિહાસકારો અને અભ્યાસુઓએ પ્રયત્નો કરી, જૂના દસ્તાવેજો, જૂજ કલાના નમૂનાઓ તથા અહીં પ્રચલિત કથા, પ્રથા અને દંતકથાઓને આધારે પાલનપુરના ઈતિહાસની રૂપરેખા બનાવી છે.

સમયના ધુમ્મસમાં ખોવાયેલુ ઈતિહાસનું  ચિત્ર નવાબકાળમાં વધુ સ્પષ્ટ બને છે. નવાબ શેરમહંમદખાન અને નવાબ તાલેમહંમદખાનના સમયના અગણિત સરકારી દસ્તાવેજો, અનેક કલા સાધન–યંત્રોના નમૂનાઓ, વ્યક્તિગત અહેવાલો તથા છાયાચિત્રો ઉપલબ્ધ છે જે પાલનપુરને આધુનિક ભારતના અભિન્ન અંગ તરીકે દર્શાવે છે.



## પાલનપુરના લોકોને માણીએ.

દરેક નગર તેના લોકો દ્વારા ઓળખાય છે, જેમાં પાલનપુર સવિશેષ છે. તેની સ્થાપના કરવામાં આવી ત્યારથી તેણે વિવિધ સમુદાયોનું પાલન–પોષણ કર્યું છે. વિવિધ વર્ણ, ધર્મ, માન્યતા અને વર્ગ હોવા છતાં તેઓ સંવાદિતાપૂર્વક રહેતા આવ્યા છે અને પાલનપુરી તરીકેની એક અનન્ય ઓળખ ઊભી કરી છે.

આ ગેલરીમાં આપણે પાલનપુરના લોકોને માણીએ.








